**CC NO. ૨૯૫૯/૨૦૨૬**

**<u>વાપીના મે. ચીફ જયુડીશિયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીનાઓની કોર્ટમાં, મુ. વાપી</u>**

**આંક–**

**ફરિયાદી : શ્રી સરકાર**

વિરુધ્ધ

**આરોપી : ચમનકુમાર રાજેન્દ્ર સીંગ**

બાબત : ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ ૬૫ (એ)(એ) મુજબ...

———————————————————————————————————

———————————————————————————————————

**// હુકમ //**

(૧) આ કામે આરોપી સામે ગુજરાત નશાબંધી ધારાની કલમ – ૬૫(એ)(એ),૧૧૬ (ખ) મુજબના શિક્ષા પાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે સંબંધિત પોલીસ સ્ટેશન ધ્વારા ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે.

(૨) ત્યારબાદ આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપ્યાની ખાત્રી કરેલ છે. આરોપી વિરુધ્ધ ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ ૬૫(એ)(એ) ,૧૧૬ (ખ) મુજબના ગુન્હાનું તહોમતનામુ ફરમાવામાં આવેલ અને આરોપીની પ્લી રેકર્ડ કરેલ છે. ત્યારબાદ આરોપીએ તેઓની સામેનો ગુનો સ્વૈચ્છીક રીતે કોઈ પણ જાતના દાબ દબાવ વગર કબુલ હોવાનું કબુલાત પુરસીશ આપી જાહેર કરી પોતાને ગુનો કબુલ મંજુર હોય જેથી યોગ્ય હુકમ કરવા જણાવેલ છે. વધુમાં આરોપીએ તેઓની કબુલાત પુરસીસમાં જાહેર કરેલ છે કે,તેમનો આ પ્રથમ ગુનો છે. આ તેમનો પ્રથમ ગુનો હોઈ તેઓની તેમની ભુલ સુધારવા માંગે છે અને તેવા ઉદ્દેશથી નમ્ર માફી આપવા અને રહેમ રાખવા અરજ ગુજારેલ છે.

(૩) સાંભાળ્યા, કબુલાત પુરશીષ વંચાણે લીધી, કેસનુ રેકર્ડ ધ્યાને લીધુ. ત્યારબાદ આરોપીએ ખરેખર સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોવાની ખાત્રી કરવામાં આવેલ છે. તમામ રેકર્ડ ઉપની હકીકતો લક્ષમાં લેતા વગર પાસ પરમીટે આરોપી પાસેથી ૨૦ લીટર થી ઓછો નશાકારક પદાર્થ મળી આવેલા નો હોવા અંગેનો આક્ષેપ માત્ર છે જેથી આરોપી તરફેની રજુઆત ધ્યાને લેતા ઓછામાં ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનુ હીત જળવાઈ રહે તેમ હોઈ ઉપરોકત સંજોગો ધ્યાને લઈ આરોપીને દોષિત ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**// આખરી હુકમ //**

(૧) આ કામના આરોપીને ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ–૨૪૧ અન્વયે તકસીરવાન ઠરાવી ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ– ૬૫(એ)(એ) ,૧૧૬ (ખ) મુજબના ગુન્હા બદલ રૂ. ૫૦૦/– (અંકે રૂપિયા પાંચ સો પુરા) ની દંડની તથા કોર્ટ ઉઠતા સુધીની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન–૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૨) જો આરોપીએ જામીનગીરીની રકમ રોકડમાં જમા કરાવેલ હોય તો આ હુકમ સામે અપીલ ન થતા તે અપીલ સમય બાદ આરોપીને પરત કરવી અને જો જમા કરાવેલ રકમ પરત લેવા ન આવે તો સરકાર ખાલસા કરવી.

(૩) આ કામે કબજે થયેલ મુદામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજ તારીખ ૪ મી માહે જુન, સને ૨૦૨૬ ના રોજ મેજીસ્ટ્રેટની ખુલ્લી અદાલતમા હુકમ જાહેર કર્યો.

**તા. ૦૪/૦૬/૨૦૨૬**
**સ્થળ : વાપી**

**(આઈ. એ. શેખ)**
**એડી. ચીફ જ્યુડી. મેજી.,વાપી**
**GJ00567**